# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29/04/2026** **EVENING: 7.10 to 7.20**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. **સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઐતિહાસિક જીત બદલ જનતાનો આભાર માનતો પ્રસ્તાવ મંત્રીમંડળની બેઠકમાં પસાર.**
2. **સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીક બસ અને કાર વચ્ચે અકસ્માત થતાં 6 લોકોના મોત.**
3. **સાયબર ગુના શાખાએ 47 લાખ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડીમાં ગાઝિયાબાદથી બે આરોપીની ધરપકડ કરી.**
4. **મુલાકાતીઓની સુરક્ષામાં વધારો કરવા ગીર સોમનાથ, દ્વારકા અને ડાંગમાં અત્યાધુનિક 'પ્રવાસી મૈત્રીસભર પોલીસ મથક' સ્થપાશે.**
5. **રાજ્યમાં આવતીકાલથી લોકોને ગરમીથી આંશિક રાહત મળવાની શક્યતા.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.**

# CABINET ABHAR PRASTAV

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક યોજાઇ. જેમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જનતાએ ભાજપ પર મૂકેલા અતૂટ વિશ્વાસને બિરદાવવા નાગરિકોનો અને મુખ્યમંત્રીનો આભાર માનતો અભિનંદન પ્રસ્તાવ પસાર કરાયો. બેઠક બાદ માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, ગુજરાતની જનતાએ છેલ્લા અઢી દાયકાથી વિકાસની આ યાત્રાને સતત પોતાનો સાથ-સહકાર આપ્યો છે અને આપતી રહેશે.

**(BYTE: JITU VAGHANI, SPOKESPERSON MINISTER)**

# CABINET CM

રાજ્યના નાગરિકોના પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મુખ્ય સચિવને સૂચના આપી છે. આજે ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં નાગરિકોની મળતી 20 જેટલી ઓનલાઈન સેવાઓ ઝડપથી મળે તે માટે પણ વહીવટી તંત્રને સૂચના આપી હોવાનું પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું.

# CM VGRC

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરત ખાતે યોજાનાર 'વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ-**VGRC**ના આયોજનની સમીક્ષા કરી. આ અંગે વધુ માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, પહેલી મે - ગુજરાત સ્થાપના દિવસના પાવન અવસરે સુરતમાં ઉદ્યોગ અને વિકાસનો મહાસંગમ રચાશે. મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં **VGRC**ના માધ્યમથી મધ્ય અને દક્ષિણ ગુજરાતના 16 જિલ્લાની ઔદ્યોગિક ક્ષમતાને વૈશ્વિક ફલક પર પહોંચાડાશે.

**(BYTE: JITU VAGHANI, SPOKESPERSON MINISTER)**

# GLOBAL FINANCE AND GCC OPPORTUNITIES

રાજ્ય સરકાર અને ગિફ્ટ સિટીના સહયોગથી વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ (VGRC) – દક્ષિણ ગુજરાત અંતર્ગત પહેલી અને બીજી મે, ના રોજ ઑરો યુનિવર્સીટી વિવિધ ચર્ચાસત્રો યોજાશે. જેમાં ગિફ્ટ સિટીને ભારતના સૌ પ્રથમ ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સર્વિસીસ સેન્ટર તેમજ ફાઇનાન્સ, ફિનટેક અને ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ માટે વૈશ્વિક હબ તરીકે રજૂ કરવામાં આવશે.

આ કાર્યક્રમો ઉદ્યોગજગતના નેતાઓ, નાણાકીય સંસ્થાઓ, સ્ટાર્ટઅપ્સ, રોકાણકારો અને GCC પ્રતિનિધિઓને એક મંચ પર લાવશે.

# SABARKANTHA ACCIDENT

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીક બસ અને કાર વચ્ચે અકસ્માત થતાં 6 લોકોના મોત થયા. રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર 48 પર બનેલી આ ઘટનામાં ચાર લોકો ઘાયલ થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા છે. આ અંગે નાયબ પોલીસ અધિક્ષક એ કે પટેલે જણાવ્યું, મુસાફરોને લઈને કાર શામળાજીથી હિંમતનગર જઈ રહી હતી તે દરમિયાન અકસ્માત સર્જાયો હતો.

**(BYTE : A.K. PATEL , DYSP)**

# AHMEDABAD CYBER FRAUD

અમદાવાદ સાયબર ગુના શાખાએ 47 લાખ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડીમાં બે આરોપીની ધરપકડ કરી છે. ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદથી પકડાયેલા આ આરોપીઓએ નાણા મંત્રાલય અને **NPCI** અધિકારીઓ તરીકે ઓળખ આપી છેતરપિંડી કરતાં હોવાનું **DCP** લવીના સિંહાએ જણાવ્યું.

**(BYTE: LAVINA SINHA,DCP)**

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.....................................

ડેસ્ક

# TOURIST POLICE STATION

મુલાકાતીઓની સુરક્ષા, સુવિધા અને સુખદ અનુભવમાં વધારો કરવા ગીર સોમનાથ, દ્વારકા અને ડાંગમાં અત્યાધુનિક 'પ્રવાસી મૈત્રીસભર પોલીસ મથક' સ્થપાશે. ગાંધીનગર ખાતે રાજ્યના પોલીસ વડા ડૉ.કે.એલ.એન.રાવની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. આ પહેલનો હેતુ માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાનો જ નહીં, પરંતુ રાજ્યની મુલાકાતે આવતા દેશ-વિદેશના પ્રવાસીઓને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવાનો છે. વધુ માહિતી આપતા શ્રી રાવે જણાવ્યું કે આ પ્રવાસી પોલીસ મથકના કર્મચારીઓ માટે વિશેષ ગણવેશ પણ ડિઝાઇન કરાશે.

**(BYTE : DR. K.L.N.RAO, DGP)**

# SURAT ARMS EXHIBITION

૬૬મા ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીના ભાગરૂપે સુરત શહેર પોલીસ દ્વારા ત્રિ-દિવસીય શસ્ત્ર પ્રદર્શનને જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધી અને પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે ખુલ્લું મૂક્યું.

૧ મે સુધી ચાલનારા આ પ્રદર્શનમાં સમાજના નાગરિકને જવાનોની કર્તવ્યનિષ્ઠા અને દેશ પ્રત્યેના સમર્પણની ભાવનાને ઉજાગર કરતા વિવિધ સ્ટોલ્સ નિહાળી શકશે.જેમાં દેશની સુરક્ષા એજન્સીઓ, ચેતક કમાન્ડો ફોર્સ, બોમ્બ ડિટેકશન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ, શી-ટીમ, એલસીબી, એસ.ઓ.જી, સાયબર સુરક્ષા, એસ.ડી.આર.એફ, મરીન ટાસ્ક ફોર્સ, એટીએસ, બીડીડીએસ, એફ.એસ.એલ. ટ્રાફિકના જવાનોની ટુકડીઓની સેવા અને કામગીરી દર્શાવવામાં આવી છે.

# GOVERNOR ACHARYA DEVVRAT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અમરેલીના ખાંભા તાલુકાના ત્રાકુડા ગામે ત્ર્યંબકેશ્વર મહાદેવના દર્શન અને જળાભિષેક કર્યા રાજ્યપાલશ્રીએ મંદિર જીર્ણોદ્ધારની તકતીનું અનાવરણ કરીને ભક્તો માટે મંદિરને ખુલ્લું મૂક્યું હતું.તેમણે મંદિર પરિસરમાં યજ્ઞકુંડમાં આહુતિ પણ આપી હતી. ઉપરાંત બીલીના છોડનું રોપણ કર્યું હતું.

# ASARAM BAIL

રાજસ્થાન વડી અદાલતે દુષ્કર્મના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામના વચગાળાના જામીન તબીબી કારણોસર 25 મે સુધી લંબાવ્યા છે. કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ એસ.પી. શર્મા અને ન્યાયાધીશ સંગીતા શર્માની ડિવિઝન ખંડપીઠે આ આદેશ આપ્યો હતો. અદાલતે નિર્દેશ આપ્યો હતો કે વચગાળાની રાહત 25 મે સુધી અથવા હાઇકોર્ટ તેમની પેન્ડિંગ ફોજદારી અપીલ પર ચુકાદો આપે ત્યાં સુધી ચાલુ રહેશે.

# WEATHER

રાજ્યમાં અંગ દઝાડતી ગરમીથી લોકોને આંશિક રાહત મળવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આવતીકાલથી તાપમાનમાં **2**થી **3** ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી છે. છેલ્લા અઠવાડિયાથી રાજ્યના મોટા શહેરોમાં તાપમાન **43** ડિગ્રીની આસપાસ પહોંચ્યું હતું. જો કે હવે ગરમીથી આંશિક રાહત મળશે તેમ હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.

**(BYTE: DR. A.K. DAS- DIRECTOR)**

# GUJCOST SUMMER CAMP

પાટણ, ભાવનગર, રાજકોટ અને કચ્છના ભુજ ખાતે આગામી એકથી 30 મે સુધી ઉનાળું વિજ્ઞાન શિબિર યોજાશે. આ ચારેય જિલ્લાના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાનારી ત્રણ દિવસની શિબિરમાં ધોરણ છથી 10ના વિદ્યાર્થીઓ ભાગ લેશે. શિબિરમાં વૈજ્ઞાનિક કેવી રીતે બનવું?, અવકાશ સમર કૅમ્પ, મરીન બાયોલૉજી / મશીન ઇજનેરી, કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. અને રૉબોટિક્સ તથા ઍક્સ્પ્લોરિંગ નૅચર એટલે કે, પ્રકૃતિના તત્વોનું અન્વેષણ જેવી પાંચ આકર્ષક વિષયવસ્તુને આવરી લેવાશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

બાળકોનું ઉનાળું વેકેશન આકર્ષક બનાવવા અને તેમને ગમ્મત સાથે વિજ્ઞાનનું શિક્ષણ આપવા ગુજરાત વિજ્ઞાન અને ટૅક્નોલૉજી પરિષદ – ગુજકૉસ્ટ દ્વારા આ પહેલ કરવામાં આવી છે.